# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૬/પરવાનગી/૭૨/૨૦૧૭
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :-૧૫- ૦૭ – ૨૦૧૮

પ્રતિ,
શ્રી M/s. Chupon Infra એ નામની ભાગીદારી પેઢી તર્ફે
અને વતી તેના વ.ક. ભાગીદાર હિતેશ ચુનીભાઇ નરોડીયા
મુ.પો.ભાયલી, તા.જી.વડોદરા

વિષય :-મોજે ભાયલી, તા.જી.વડોદરાના બ્લોકનં.૩૨૪, અંતિમખંડનં.૧૦, ટી.પી.સ્કીમનં.૦૩ (ભાયલી) વાળી જમીનમાં સુચિત ૪ ફ્લેટ તથા હયાત ૧૫૮ ફ્લેટ તથા વાણિજ્ય હેતુની ૫૬ દુકાનોના બાંધકામ માટે રીવાઇઝડ વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.૦૬-૦૬-૨૦૧૭ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગી અને અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નોંધ પર મળેલ મુખ્ય કારોબારી અધિકારીશ્રી
ની મંજુરી અનુસાર

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-
કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.
જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર કચેરી, વડોદરા તરફ જાણ માટે.

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## વિકાસ પરવાનગી

શ્રી M/s. Chupon Infra એ નામની ભાગીદારી પેઢી તર્ફે અને વતી તેના વ.ક. ભાગીદાર હિતેશ ચુનીભાઇ નરોડીયા મોજે ભાયલી, તા.જી.વડોદરાના બ્લોકનં.૩૨૪, અંતિમખંડનં.૧૦, ટી.પી.સ્કીમનં.૦૩ (ભાયલી) વાળી જમીનમાં ક્ષેત્રફળ ૬૩૧૨.૦૦ માં બાંધકામ કુલ હયાત ક્ષેત્રફળ ૧૦૯૯૨.૫૫ ચો.મી, સુચિત ફર્સ્ટ ફ્લોર ૩૬૯.૦૫ ચો.મી, સેકન્ડ ફ્લોર હયાત., થર્ડ ફ્લોર હયાત., ફોર્થ ફ્લોર હયાત., ફીફ્થ ફ્લોર હયાત., માં મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ સુચિત ૩૬૯.૦૫ ચો.મી. તથા હયાત ૧૦૯૯૨.૫૫ ચો.મી. આમ કુલ મળીને ૧૧૩૬૧.૬૦ ચો.મી. માં સુચિત ૪ ફ્લેટ તથા હયાત ૧૫૮ ફ્લેટ તથા વાણિજ્ય હેતુની ૫૬ દુકાનોના બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬(સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨)હેઠળ આથી રીવાઇઝડ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

૧. સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૧૦,૧૧,૧૫ તથા સ્ટ્રકચરલ ડીટેલ ડ્રોઇંગ રજુ કરવાના રહેશે.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ-૯૫ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૧૦ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

૪. જી.ડી.સી.આર-૨૦૦૬ ની કલોઝ નં.૩.૬ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૫. ગુજરાત રીયલ એસ્ટેટ રૂલ્સ-૨૦૧૬ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૬. સવાલવાળી જમીનમાં લાઇટ, પાણી, ગટર અંગે વુડા અથવા અન્ય સંસ્થા કાયમી વ્યવસ્થા કરે ત્યાં સુધી સંપુર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

૭. ચીફ ઓફીસરશ્રી (ફાયર), ફાયર બ્રિગેડ, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરા નું "ના-વાંધા પ્રમાણપત્ર" નં.અ.તા.સે.જા.નં.૭૦૨/૨૦૧૬, તા.૧૪/૦૬/૨૦૧૬ની શરતોનું પાલન કરવાનુ રહેશે. (નકલ સામેલ છે.)

૮. કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

૯. સુચિત આયોજનમાં વાણિજ્ય હેતુનું બાંધકામ આવતું હોવાથી અરજદારશ્રી/ડેવલોપર્સશ્રીએ પ્લીન્થચેક સર્ટી. લેતાં પહેલા બિનખેતી હુકમ રીવાઇઝડ કરવાનો રહેશે.

૧૦. અત્રેની કચેરી દ્વારા અગાઉ અપાયેલ વિકાસ પરવાનગી પત્ર નં.યુડીએ/પ્લાન-૬/પરવાનગી/૨૭/૨૦૧૬, તા.૧૯/૦૮/૨૦૧૬, પહેલા માળની ૧૬ દુકાનો પુરતી રદ ગણવાની રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૬/પરવાનગી/૭૨/૨૦૧૭
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તા.૨૫ /૦૭/૨૦૧૮

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.
જીલ્લા વિકાસ અધિકારીશ્રી જીલ્લા પંચાયત કચેરી વડોદરા તરફ જાણ સારૂ.